# Press Note

**ધ્વનિ પ્રદૂષણ (Noise Pollution) નિયંત્રણ કરવા અંગે Action Plan તૈયાર કરતી ગુજરાત પોલીસ**


**તા: ૨૫/૦૪/૨૦૨૩:**

National Green Tribunal (NGT), New Delhi દ્વારા Original Application No. 681/2018 ના કામે તા.૧૫/૦૩/૨૦૧૯ના રોજ આપેલ આદેશ મુજબ શહેર/જીલ્લાના આધૌગિક વિસ્તાર (Industrial Zone), વાણિજ્ય વિસ્તાર (Commercial Zone), રહેણાંક વિસ્તાર (Residential Zone) અને શાંત વિસ્તાર (Silence Zone) માં થતા ધ્વનિ પ્રદુષણ (Noise Pollution) ના નિયંત્રણ કરવા અંગે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (Gujarat Pollution Control Board) અને ગુજરાત પોલીસ સંયુકત રીતે કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવેલ છે. જેથી, શહેર/જીલ્લાઓમાં નાયબ પોલીસ અધીક્ષક (Dy.SP) સંવર્ગના અધિકારીઓને Nodal Officer તરીકે નિમી તેઓને ૩૫-નંગ Enforcement Standard Noise Level Meters ફાળવણી કરવામા આવેલ છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (Gujarat Pollution Control Board) સાથે સંયુકત કાર્યવાહી કરવા અને Noise Level Meters ઉપયોગથી The Noise Pollution (Regulation & Control) Rules, 2000 નો ભંગ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવા અંગેની Standard Operating Procedure (SOP) બહાર પાડવામાં આવેલ છે.

૨. ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ ખાતે શહેર/જીલ્લાઓમાં Nodal Officers માટે તા.૨૫/૦૪/૨૦૨૩ના રોજ એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ અને સદર કાર્યક્રમમાં ધ્વનિ પ્રદૂષણના સ્ત્રોતો (sources of noise pollution), ધ્વનિ પ્રદૂષણ અંગેની કાયદાકીય જોગવાઇઓ અને નિયમો, Noise Level Metersનો ઉપયોગ અને શહેર/જીલ્લામાં થતા ધ્વનિ પ્રદૂષણના નિયંત્રણ માટે કરવાની થતી કાર્યવાહી વિગેરે બાબતે નરસિમ્હા કોમાર, IPS, અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજય તેમજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (Gujarat Pollution Control Board)ના અધિકારીઓ દ્વારા તાલીમ આપવામાં આવેલ.

૩. વર્ષ: ૨૦૨૧-૨૨ દરમ્યાન રાજયમાં public address system, DJs, ફટાકડા (fire crackers) વિગેરેથી થતા ધ્વનિ પ્રદૂષણ સંબંધે ૨૦૦ થી વધારે ગુનાઓ નોંધવામાં આવેલ છે. શહેર/જીલ્લાઓને The Noise Pollution (Regulation & Control) Rules, 2000 ના અમલીકરણ કરવા અંગે stakeholder's meeting યોજવા, જનજાગૃતિ અભિયાન ચલાવવા (awareness campaign) અને ધ્વનિ પ્રદુષણ કરનારાઓ વિરૂધ્ધ પગલા ભરવા સૂચના આપવામાં આવેલ. સદર તાલીમ શિબિરમાં જુદા જુદા શહેર/જીલ્લાઓના ૭૧-અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા.

૪. આ અંગે નરસિમ્હા કોમાર, IPS, અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજય નાઓએ જણાવેલ: "ધ્વનિ પ્રદૂષણના નિયંત્રણ માટે શહેર અને જીલ્લા એકમોમાં ફરજ બજાવતા અધિકારીઓની ક્ષમતા વધારવાના (capacity building) પ્રયાસના ભાગરૂપે સાધનો (equipment), કાયદાકીય જ્ઞાન, અમલીકરણ સંબંધિત મુદ્દાઓ (enforcement strategy) સાથે લોક સહકારથી કામ કરવા માટે જાન જાગૃતી અભિયાન (awareness campaign) ચલાવવા બાબતે વિસ્તૃત સૂચના આપવામાં આવેલ છે. આવનાર દિવસોમાં શહેર/જીલ્લાઓમાં ધ્વનિ પ્રદૂષણ અટકાવવા નક્કર પગલાંઓ ભરવામાં આવશે"



Picture: તાલીમ શિબિરમાં ઉપસ્થિત પોલીસ અધિકારીઓ

મદદનીશ પોલીસ કમિશ્નર
વિશેષ શાખા,
અમદાવાદ શહેર